## નરસંહારના સમયમાં પ્રેમ

શાંતિ નાનાનાના હપ્તાઓમાં આવે છે.
એક-બે બપોર ને અડધીપડધી રાતો વચ્ચેના
ટુકડાઓમાં વહેંચાયેલી,
જેમાં એક અંધારા રૂમમાં એ બંને
એકમેકને પ્રેમ કરે છે.
પાછળ એક ટીવી હિંસક ઘોંઘાટ કરી રહ્યું છે
માંડ ત્રણ ફૂટ દૂરથી ઊગળતું
એક બિહામણા વિશ્વની કાતળીઓ
ફેંકતું જનસંહારની જીવંત છબીઓ –
બ્લૅક ઍન્ડ વ્હાઇટમાં ચીતરેલું એક નગર
કકળતી સ્ત્રી, હાથમાં મરેલું બાળ
રસ્તા પર ન્યાયની માગણી કરતાં જુલૂસો
કોઈ જાતિ માટે, કોઈ દેશ માટે,
કોઈ બળાત્કારનો ભોગ બનેલી સ્ત્રી માટે,
કારાગારમાં થયેલી હત્યા માટે ન્યાયના નારા લગાવતાં...
એ એની આંખોમાં ચમકતી ભૂરી ઝળકને
જરા જોરથી વળગે ત્યાં તો
ઝેરી ધુમાડાઓના ગોટેગોટા ફરી વળે છે આસપાસ
શ્વાસની જેમ ઉત્કટતાથી એ એને થોડો પાસે ખેંચે છે,

એક ગાઢ આલિંગનમાં જકડતી
પોતાની પીઠ પાછળ વીંટળાયેલા એના બે ધૂળિયા હાથને,
એના હોઠ ઉપર જમ્યા પછી ખાધેલી ચૉકલેટના રહ્યા ઝાંખા સ્વાદને,
ને બે સ્તન વચ્ચે ધમધમતા એના શ્વાસોના ઘડીક ઉન્માદને અનુભવતી
એની નજર પલંગની ડાબી બાજુના તૂટેલા
અરીસામાંના ધૂંધળા પ્રતિબિંબ તરફ વળે છે
એકમેક સાથે સહજતાથી ગૂંથાયેલાં, પ્રેમ કરતાં
અસ્ત થઈ રહેલાં અજવાળાંની સામે ઝઝૂમતાં,
ગાહનિકા*ના ચિત્રમાંથી બહાર સરી પડેલી
કોઈ ઝીણી વિગત જેવાં - બે શરીર.
એ પુરુષ કંઈ ગણગણતો લાગે છે
બહાર બહુ અવાજ છે
પણ એ જાણે છે કે
એ ચોક્કસ પ્રેમની વાત કરતો હોવો જોઈએ
નરસંહારના સમયમાં પ્રેમ.

** Guernica (1937), પાબ્લો પિકાસોનું એક વિખ્યાત ચિત્ર.*

સમય

## સૂરજમુખીનાં ખેતર

કદાચ આ સ્થળ યોગ્ય નહોતું એમને ઊગવા માટે
કદાચ આ સમય પણ નહોતો એમને ખીલવાનો
કદાચ આ ઋતુ પણ નહોતી એમને મલકાવાની
વરસાદ ખૂબ આકરો હતો
કદાચ તડકો જરાય નહોતો વીણવા માટે
કદાચ જગ્યા સુધ્ધાં નહોતી શ્વાસ લેવાની
આપણે સૌ જાણીએ છીએ, આમાં શંકાની વાત જ નથી
જાણીએ છીએ કે આ જ સત્ય છે.

આપણે જાણીએ છીએ કે
એ લોકો ચાંચ મારીમારીને
ચણી જશે, ખાઈ જશે એમને
ચૂંટીને, મસળીને મારી નાખશે એમને
જાણીએ છીએ કે ફૂલો ક્યારે કથ્થઈ થશે
અને ક્યારે લણી લેવાશે
અને જો એમને કૂણાંકૂણાં જ ચાવી જઈએ
તો જીભે ઝમતો એમનો કુમળો, તાજો સ્વાદ કેવો હશે
એક પછી એક બધાં બળવાનાં છે
કાં વઢાઈ જવાનાં છે
બસ, બધાંએ પોતાના વારાની રાહ જોવાની છે

ચાહવા માટે આ રાત કદાચ બહુ ઘાતકી છે
અને પવન કોઈની દરકાર ન કરી શકાય એટલો નિષ્ઠુર છે
આ માટી પણ કદાચ બહુ વધારે પોચી છે.
ટટ્ટાર ઊભાં રહેલાં લાંબાં ફૂલોની કરોડરજ્જુના ભારને સહેવા
માટે

પણ તો આ ઊગે છે કેમનાં,
તેય આટલી વિશાળ સંખ્યામાં,
આ જંગલી સૂરજમુખી ખેતરોમાં?
નજર પહોંચે ત્યાં સુધી ફેલાયેલાં
અસ્પૃશ્ય સુંદરતાનાં ખેતરો
સળગતી પાંખડીઓ લીલી ને સોનેરી
એમના નાના પગ હવામાં ઉછાળી
ખિલખિલાટ હસે છે –
હાસ્ય ઊડતી પરીઓનું
હાસ્ય નાચતી લહેરોનું –
અને ઊભી રહે છે માથાં કરીને હવામાં અધ્ધર
પોતાના બે પગ પર અડીખમ
એમની નાની મુઠ્ઠીઓમાં ઝાલીને
સળગતી હવાઓ નારંગી.

આ ખાલી દૂર બળતી, જેમતેમ ઊભી કરેલી
ચિતાઓમાંથી ઊડી આવતી ગરમ રાખ નથી
જે ફૂટે છે મારી આંખોમાં
થઈ ઊના પાણીના ઝરા
આ તો છે મારાં કૂખમાં ઊગ્યાં
સૂરજમુખીનાં ખેતરો.

## ચારણકન્યા

કોઈ તમને તૈયાર કરતું નથી
મોં ફાડીને તમારી સામે ઊભા રહી જતા
જંગલી વાઘનો સામનો કરવા.
તમને નથી આપેલાં હોતાં
કોઈ મશાલ, કોઈ ભાલો, કોઈ બંદૂક
ધીમાધીમા ને નિશ્ચિત
તમારી તરફ વધતાં એ પગલાંઓને
તમારા શ્વાસની જેમ અધ્ધર રોકતાં
કોઈ શીખવતું નથી
તમારી આંખની કીકીઓ એના પંજા પર
લોખંડી ખીલાની જેમ જડી દઈ
એને આગળ વધતાં ડરાવતાંય
તમને કોઈ શીખવતું નથી
એની ત્રાડને ભરી શ્વાસમાં
થથરતી હિંમત ભરીને હાડમાં
એને લલકારતાં તમને કોઈ શીખવતું નથી
અંધારામાં તમે તગતગતી
બે પીળી આંખોનાં અજવાળાંમાં
ખોળતા રહો છો ચારણકન્યાની
કોઈ બેબાકળી લાકડી
ને થઈ જાઓ છો લીરેલીરા
ત્યાં પેટ ભરાઈ જતાં
લોહી નીગળતા શિકારની જેમ
તમને રસ્તા વચ્ચે છોડીને
ચાલ્યા જાય છે એ પ્રશ્નો
ત્યારે એ અધમૂઆ શરીરને
ઉપાડી ફરી એક વાર
બાકીનું જંગલ કેમ પાર કરવું
તમને કોઈ શીખવતું નથી.

સમય

# સ્ત્રીઓ

એને સ્ત્રીઓ ગમતી
તમામ સ્ત્રીઓ
દેખાવડી, ચતુર, નીચી, ઊંચી,
કાળી, ધોળી, યુવાન, ઘરડી
નગ્ન અને સાડી પહેરેલી,
ભરાવદાર, સુકલકડી
અતિશય સુંદર, અને ખાસ નહીં એવી સ્ત્રીઓ
કરુણામય અને ઋજુ સ્ત્રીઓ
ખેતરની, ઑફિસની, ઘરની સ્ત્રીઓ
પુરુષની-સાથે-ખભા-મિલાવી-કામ-કરતી સ્ત્રીઓ
એને બધીય ગમતી
દરેકેદરેક
પણ પછી એ એક સ્ત્રીને મળ્યો
જે-એને-જાણ્યા-પિછાણ્યા-વિના-બસ-પ્રેમ-કરે-એવી સ્ત્રી

જે-ક્યાં-સુધી-એ-જાણ્યા-વિના-એને-પ્રેમ-કરે-એવી સ્ત્રી

જે-રામ-જાણે-કેમ-ને-કેમ-આટઆટલો-એને-પ્રેમ-કરે-એવી સ્ત્રી

જે-એક-સ્ત્રી-જે-રીતે-એક-પુરુષને-પ્રેમ-કરે-એમ-એને-પ્રેમ-
કરે-એવી સ્ત્રી

જે-તૈયાર-હોય-એવો-ડોળ-કરવા-કે-જાણે-એ-
એને-ખાસ-જાણતી-જ-નથી-એવી સ્ત્રી

જે-અધીરી-હોય-એને-જોવા-વાત-કરવા-સાંભળવા-
જેટલું-એ-ઇચ્છે-જેટલી-વાર-એ-ચાહે-એવી સ્ત્રી

જે-ભૂલવા-પણ-તૈયાર-હોય-કે-પેલી-રાતે-એની-સાથે-એકાંતમાં-
એ-કેટલો-જુદો-હતો-એવી સ્ત્રી

# પ્રેમ

એક દિવસ ઠૂંઠા એક ઝાડને
એક પંખીથી થઈ ગયો પ્રેમ
ને ટહુકા કરી કરીને બોલાવ્યા કરે
એની ડાળીઓ પછીથી પંખીને
એના મનમાં પેસી ગયો જે દિ'થી આકાશ હોવાનો વ્હેમ.
ધસમસતાં મોજાંની માફક કંઈ ઉતાર્યાં
એણે સુક્કી ધરતીના પેટાળે મૂળ
કૈંક કરતાં ફૂટે એને પાંખો
ભલે બેસે ના ડાળીએ એક પાન કે ફૂલ
કાળી બખોલમાં પૂરી દઉં સૂરજ
ને પહેરું પવન લહેરાતો ડાળીએ
આંખોમાં આંજી કાજળ મેઘધનુનાં
ફડફડતી ઇચ્છાઓ ફૂટે એના હૈયે
ઊડવું તો ઊડવું હવે એની સંગાથ
નહીં તો રહી જવું થઈ તૂટ્યો એક માળો
વેંઢારાતો નથી હવે એનાથી
આ ટટ્ટાર કાયા ને સૂકી ડાળીઓનો ભારો.
એની એક આંખે છલછલ ચોમાસાં
ને બીજીએ ફાટફાટ રણ અફાટ
ધારીને જુઓ તોય મળે ના ક્યાંય
ઝરમરમાં, ઝાંઝવામાં પંખીનો તાગ
તમે જુઓ ને તમને થાય
આ સાલું સમજતું નહીં હોય કેમ
પણ થાય શું જો ઠૂંઠા એક ઝાડને
એક દિવસ પંખીથી થઈ ગયો હોય પ્રેમ.

# છેવટ સુધી

છેવટે આમાંનું કંઈ રહેવાનું નથી
જાણું છું હું.
આ પાંદડાના રંગો ફિક્કા પડી જવાના
એમનું આ ડાળી સાથેનું આકર્ષણ
ઊડી જશે બધુંય હવામાં સુસવાટતું
પોતપોતાના નસીબ તરફ.
એમની સાથે જ જતાં રહેશે આ પંખીઓ પણ
તરછોડીને એમના માળા લટકતા આ શાખાઓ પર.
એમાંનાં તણખલાંઓમાંથી ઝમ્યા કરશે
સુગંધ પંખીઓનાં ગીતોની
ને ભુલાઈ ગયેલાં ફળોની.
વફાદાર ખિસકોલીઓ ઝઝૂમશે
ખોરાકની શોધમાં ને છેવટે મરશે.
મારાં મૂળિયાંની આ જમીન પરની પકડ પણ
થશે ઢીલી
ને ઊધઈના રાફડાઓ ફાટશે મારી સુક્કી શિરાઓમાં
કોતરી ખાશે મને અંદરથી.
ઘટતી જશે મારા થડની અડીખમતા
વાવાઝોડાંઓ સામે
ઘટતી જશે મારી જાતમાંની શ્રદ્ધા
મારા પડછાયાઓ વધારે ને વધારે સંકોચાતા જશે
લાગશે પહેલાં કરતાં વધુ બિહામણા.
તું ઝંખી શકે એવું તમામ
મારામાં ઓછું થતું જશે.
ત્યારે પણ શું વળીને આવશે એ વડવાગોળ,
રાત પડે આ તરફ? ઊંધા થઈને લટકવા
મારી ઘરડી ડાળીઓ પર,
કોણ જાણે!